દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શુક્રવાર ૬ નવેમ્બર, ૨૦૨૬


દેશમાં મોટા પ્રાદેશિક હવામાન ફેરફારો: અનુકૂલન સાધવાની જરૂર

છેલ્લા કેટલા વર્ષ દરમ્યાન ભારતમાં ચોમાસુ અનિયમિત બનતું ગયું છે અને વરસાદની વહેંચણી પણ અસમાન બની છે. આ બધા વચ્ચે એક નવો અભ્યાસ અહેવાલ આવ્યો છે. એક નવા અભ્યાસ અનુસાર, છેલ્લા ૭૦ વર્ષોમાં ઉત્તર ભારતના મોટા ભાગો ગરમ અને શુષ્ક આબોહવા તરફ ધકેલાયા છે. જે શુષ્ક ક્ષેત્ર એક સમયે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પૂરું થઈ જતું હતું, તે હવે રાજ્યના પૂર્વ ભાગ સુધી વિસ્તરી ગયું છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ જ સમયગાળા દરમિયાન દ્વીપકલ્પીય ભારતનો મોટા ભાગનો વિસ્તાર વધુ ભેજવાળો(વધુ વરસાદવાળો) બન્યો છે.

આ અભ્યાસ 'આઇડેન્ટિફાઇંગ ધ ક્લાઇમેટ ઝોન્સ શિફ્ટ્સ ઓફ ઇન્ડિયન મેટિઓરોલોજિકલ સબડિવિઝન્સ ઇનસાઇટ્સ ફ્રોમ હિસ્ટોરિકલ રેકોર્ડ્સ' શીર્ષક હેઠળ 'મોસમ' નામના ભારતીય હવામાન વિભાગ(IMD)ના પીઅર-રિવ્યૂડ જર્નલમાં પ્રકાશિત થયો હતો અને હાલમાં જાહેર કરવામાં આવ્યો હતો. પોતાના વિશ્લેષણ માટે, સંશોધકોએ ૧૯૫૧-૧૯૮૦ થી ૧૯૯૧-૨૦૨૦ સુધીના સમયગાળા માટે IMDના ડેટાની તપાસ કરી હતી. તેમના તારણો ચાર આબોહવા ક્ષેત્રો પર કેન્દ્રિત છે: હોટ સેમી-અરિડ (ગરમ અને અર્ધ-શુષ્ક): ઓછો વરસાદ ધરાવતું ગરમ ક્ષેત્ર, ટ્રોપિકલ સવાન્ના (ઉષ્ણકટિબંધીય સવાન્ના): લાંબી શુષ્ક ઋતુ સાથે આખું વર્ષ ગરમ, ટ્રોપિકલ મોન્સૂન (ઉષ્ણકટિબંધીય ચોમાસું): ભારે મોસમી વરસાદ સાથેનું સૌથી ભેજવાળું ક્ષેત્ર, ટેમ્પરેટ (સમશીતોષ્ણ): ભારતમાં ગરમ ઉનાળો અને હળવો, શુષ્ક શિયાળો. નોંધનીય છે કે આબોહવા ક્ષેત્રો તાપમાન અને વરસાદના આધારે નક્કી કરવામાં આવે છે. અભ્યાસમાં સામે આવ્યું છે કે ઉત્તર-પશ્ચિમ ભારતમાં, ગરમ અર્ધ-શુષ્ક ક્ષેત્ર ૧૯૫૧-૧૯૮૦માં આ ક્ષેત્રના કુલ વિસ્તારના લગભગ ચોથા ભાગ જેટલું હતું, જે વધીને ૧૯૯૧-૨૦૨૦માં ત્રીજા ભાગનું થઈ ગયું છે. તદુપરાંત, સમશીતોષ્ણ ક્ષેત્ર ચોથા ભાગથી ઘટીને પાંચમા ભાગથી પણ ઓછું થઈ ગયું છે, જેનો અર્થ એ થાય છે કે તાપમાન વધવા અને વરસાદ ઘટવાને કારણે ક્ષેત્રના આશરે ૭ ટકા જેટલો વિસ્તાર શુષ્ક ક્ષેત્ર તરફ જતો રહ્યો છે. જો કે ઉત્તરના પહાડી વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધેલું જણાય છે. મેદાની પ્રદેશોમાં જંગલો ખૂબ કપાવાને કારણે વરસાદી પવનો સીધા પહાડી વિસ્તારો સુધી સડસડાટ પહોંચી જાય છે, તેથી મેદાની વિસ્તારોમાં વરસાદ ઓછો થઇ ગયો છે અને પહાડી વિસ્તારોમાં વરસાદ વધ્યો છે. અનેક વિસ્તારોમાં ચોમાસા દરમિયાન લાંબા સમય સુધી સૂકો દુષ્કાળ જેવો માહોલ રહે છે અને પછી અચાનક ટૂંકા ગાળામાં અતિભારે વરસાદ કે વાદળ ફાટવાની ઘટનાઓ બને છે, જેનાથી શહેરોમાં પૂર આવે છે. માર્ચ અને એપ્રિલ જેવા ઉનાળાના મહિનાઓમાં ક્રમોસમી વરસાદ અને કરા પડવાનું પ્રમાણ વધ્યું છે, જેનાથી પાકને મોટું નુકસાન થાય છે. બીજા ચિંતાજનક ફેરફારોમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં પાણીની સપાટી વધી રહી છે, જેના કારણે જમીનનું ધોવાણ અને ખેતીની જમીનમાં ખારાશ વધી રહી છે. સાથે જ બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં વાવાઝોડાની તીવ્રતા વધી છે. ઉપરાંત હિમાલયના ઊંચાઈવાળા વિસ્તારોમાં તાપમાન ઝડપથી વધી રહ્યું છે, ગ્લેશિયર્સ (બરફની નદીઓ) પીગળી રહી છે અને બરફવર્ષા અનિયમિત થઈ ગઈ છે.

દ્વીપકલ્પીય ભારતમાં જુદો જ ફેરફાર જોવા મળ્યો છે. ગરમ અર્ધ-શુષ્ક ક્ષેત્ર પ્રદેશના લગભગ ૩૦ ટકાથી ઘટીને ૧૬ ટકા થઈ ગયું છે, અને તેમાંથી મોટા ભાગની જમીન ઉષ્ણકટિબંધીય સવાન્ના ક્ષેત્રમાં રૂપાંતરિત થઈ ગઈ છે, જે હવે દ્વીપકલ્પના ત્રણ-ચતુર્થાંશ ભાગને આવરી લે છે. IMD પુણેના વૈજ્ઞાનિક અને આ અભ્યાસના મુખ્ય લેખક અનન્યા કરમાકરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "જ્યારે અમે ૧૯૫૧ થી ૨૦૨૦ સુધી દાયકાવાર ભારતના આબોહવા નકશાની સરખામણી કરી, ત્યારે સૌથી સ્પષ્ટ ફેરફાર ઉત્તરમાં જોવા મળ્યો હતો, જ્યાં ગરમ અને શુષ્ક ક્ષેત્ર પૂર્વમાં ઉત્તર પ્રદેશ તરફ આગળ વધ્યું છે. આ દેશના સૌથી મહત્વપૂર્ણ કૃષિ ક્ષેત્રોમાંનું એક હોવાથી, ત્યાં વાવણી અને લણણીના સમય પર બારીક નજર રાખવાની જરૂર છે. દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં જંગલો ખૂબ કપાયા છે તે આ ફેરફારોનું મહત્વનું કારણ હોઇ શકે છે. કેટલાક ફેરફારો કુદરતી કારણોસર પણ હોઇ શકે છે. વધુ વૃક્ષારોપણ, પ્રદૂષણ નિયંત્રણ જેવા પગલાં દ્વારા આ ફેરફારો ઉલટાવવાનો પ્રયાસ કરવાની સાથે આ હાલ આ ફેરફારો સાથે અનુકૂલન સાધવાની જરૂર છે.

સહકારનું સંગીત



એક સંગીતગુરુના ચાર શિષ્યો હતા. બધા જુદાં જુદાં વાજિંત્ર શીખી રહ્યા હતા અને દરેકને એમ જ હતું કે પોતે જે વાદ્ય વગાડે છે તે જ સૌથી મહત્ત્વનું છે. એકને લાગતું કે સિતાર વિના સંગીત અધૂરું, બીજાને લાગતું કે વાંસળીનો સ્વર સૌથી મધુર, ત્રીજાને તબલાનો તાલ સર્વોપરી લાગતો અને ચોથાને તાનપુરાનો આધાર સૌથી જરૂરી લાગતો હતો.

એક દિવસ ગુરુજીએ પોતાના ચાર શિષ્યોને એક જ રાગ એક સાથે વગાડવાનું કહ્યું. દરેક શિષ્યને પોતાના વાદ્ય પર ગર્વ હતો. એટલે અભ્યાસ દરમિયાન દરેક શિષ્ય, પોતાનું વાદ્ય બીજા કરતાં ઊંચા સ્વરમાં વગાડતો પરિણામે સુમધુર સંગીતને સ્થાને વધુ ઘોંઘાટ થતો. ગુરુજીએ બે થી ત્રણ વાર તેમને સાથે વગાડવા કહ્યું પણ દરેક વખતે એ જ ઘોંઘાટ એટલે ગુરુજીએ બધાં વાદ્યો બંધ કરાવ્યાં અને ચારે શિષ્યોને એક દિવસ માટે એકાંતવાસની સજા આપી. સજા પછી બીજે દિવસે ગુરુજીએ કહ્યું, ''આજે તમે ચારે જણ એક સાથે નહિ પણ એકલા જ પોતાનું વાદ્ય વગાડો.'' દરેકે પોતાની કળા બતાવી. શ્રોતાઓએ પ્રશંસા કરી. પછી ગુરુએ કહ્યું, ''હવે સાથે વગાડો, પરંતુ એક શરત છે. કોઈએ પોતાના વાદ્યનો અવાજ, બીજાને હરાવવા કે બીજાના વાદ્યના અવાજને દાબી નાખવા માટે જરૂર કરતાં વધારે ઊંચો કરવો નહીં.'' પ્રથમ પ્રયાસમાં શિષ્યો મુશ્કેલી અનુભવી રહ્યા હતા. એકે સિતાર છેડી પણ સાથે બીજા માટે જગ્યા છોડી, બીજાએ તબલાનો તાલ સંભાળ્યો, ત્રીજાએ રાગના પ્રવાહ પ્રમાણે વાંસળીનો સ્વર નરમ કર્યો. ચોથાએ પોતાના તાનપુરથી સૌને આધાર આપ્યો. આ વખતે સંગીતમાં એક એવી સુંદરતા ઊભી થઈ, જે કોઈ એક વાદ્યમાં નહોતી. ગુરુએ પૂછ્યું, ''આજે સંગીત એકદમ સુમધુર હતું. આજે શ્રેષ્ઠ કોણે વગાડ્યું ખબર છે?'' ચારેય એકબીજા સામે જોઈને ચૂપ થઈ ગયા. ગુરુજી બોલ્યા, ''આજે તમે કોઈ શ્રેષ્ઠ ન હતા,આજે કોઈ એક વ્યક્તિ નહિ પણ શ્રેષ્ઠ હતું તમારું એકબીજાને સાંભળવું અને માન આપવું. તમારું સંગીત આજે દિલને સ્પર્શી ગયું એટલે નહિ કે તમે અને તમારી કળા અસાધારણ છે; પરંતુ એટલા માટે કે આજે તમારી કળાએ બીજાની કળાને ખીલવામાં સાથ આપ્યો છે. હંમેશા યાદ રાખજો, એકમેકને આપેલો સહકાર જ તમને જીવનમાં આગળ લઇ જશે.'' આ પ્રસંગ આપણા જીવન માટે પણ એક સંદેશ આપે છે કે હંમેશા એકબીજાને સહકાર આપો ;સાચો સહકાર એટલે પોતાની વિશેષતા ગુમાવવી નહીં; પોતાની વિશેષતાને એવી રીતે વાપરવી કે બીજાની વિશેષતા પણ ખીલી શકે.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

લોકોનો અવાજ એ જ લોકશાહીની તાકાત

લોકશાહી એટલે લોકો વડે ચાલતી વ્યવસ્થા. એનો સામાન્ય અર્થ એવો કરવામાં આવે છે કે દર પાંચ વર્ષે લોકો પોતાના પ્રતિનિધિઓને ચૂંટે. પરંતુ લોકશાહી માત્ર મત આપવાની પ્રક્રિયા નથી. એનો સાચો અર્થ તો એ છે કે નાગરિકો સત્તામાં બેઠેલા લોકોને સતત સવાલ પૂછે અને પોતાના જીવનને અસર કરતા નિર્ણયો અંગે જવાબદારીની માગણી કરે. લોકો સવાલ પૂછવાનું બંધ કરી દે ત્યારે લોકશાહી પણ ધીમે ધીમે નિષ્પ્રાણ બનવા લાગે છે.

પહેલી નવેમ્બરનો દિવસ આ સંદર્ભે મહત્ત્વનો રહ્યો. ભારતના બે જુદા જુદા વિસ્તારોમાં લગભગ એક જ સમયે યોજાયેલા બે જાહેર કાર્યક્રમોમાં લોકશાહીના જીવંત હોવાના ધબકારા સંભળાયા. એક, જેની દેશ અને દુનિયાએ નોંધ લીધી એ દિલ્હીના રામલીલા મેદાનમાં 'ચલો દિલ્હી'ના વિપક્ષોના આહ્વાન હેઠળ યોજાયેલી વિશાળ રેલી હતી. અને બે, ગુજરાતના ભાવનગર જિલ્લાના નાના એવા મીઠીવીરડી ગામમાં યોજાયેલો કાર્યક્રમ હતો. દિલ્હીની રેલીમાં હજારો લોકો ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા અંગે સવાલો ઉઠાવવા એકત્ર થયા હતા, જ્યારે મીઠીવીરડીમાં આશરે 250 લોકો એક એવા જનઆંદોલનની સફળતાની ઉજવણી કરવા ભેગા થયા હતા, જેણે શાંતિપૂર્ણ સંઘર્ષ દ્વારા પોતાના વિસ્તારમાં અણુવિદ્યુત મથક સ્થાપવાના પ્રસ્તાવનો વિરોધ કરીને તેમાં સફળતા મેળવી હતી. ઉપરછલ્લી રીતે જોતાં આ બંને કાર્યક્રમો જુદા લાગે, પરંતુ બંનેનો મૂળ સંદેશ એક જ છે: લોકશાહીમાં નાગરિકોની ભૂમિકા સવાલ પૂછવામાં, વિરોધ કરવામાં અને વધુ સારા ભવિષ્યની શક્યતાઓ ઊભી કરવામાં રહેલી છે.

દિલ્હીની રેલીમાં વિપક્ષોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરી છે. તેમની સામે થયેલા મતચોરીના આક્ષેપો ઘણા ગંભીર છે. મતદાર યાદીમાંથી નામ કપાયું હોય કે નહીં, આ આક્ષેપો દરેક નાગરિક માટે ચિંતાનો વિષય હોવા જોઈએ, કારણ કે ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા લોકશાહીનો પાયો છે. કોઈ પણ રાજકીય પક્ષ સત્તા હાંસલ કરવાની જે સ્થળ મૂળ અણુવિદ્યુત મથક માટે ફાળવવામાં આવ્યું હતું, ત્યાં આશરે 650થી 700 વૃક્ષો ઉછેરીને એક એવું સ્થળ બનાવવામાં આવ્યું છે, જે પ્રકૃતિના સંરક્ષણ અને શિક્ષણનું જીવંત કેન્દ્ર બની રહે. શરૂઆત થઈ હતી 2007થી, જ્યારે મીઠીવીરડીમાં 6,000 મેગાવોટનું અણુવિદ્યુત મથક ઊભું કરવા માટે સ્થળની ફાળવણી કરવામાં આવી. તેના વિરોધમાં પર્યાવરણ સુરક્ષા સમિતિ અને ભાવનગર ગ્રામ બચાવ સમિતિના નેજા હેઠળ સ્થાનિક લોકોએ લડત શરૂ કરી. વિરોધ વિકાસનો નહોતો, પરંતુ કિરણોત્સર્ગની માનવ સ્વાસ્થ્ય, ખેતી અને પર્યાવરણ પર થનારી સંભવિત અસરોનો હતો. તેમની દલીલો તાર્કિક અને વૈજ્ઞાનિક અભ્યાસ પર આધારિત હતી. આ આંદોલન લોકજાગૃતિ, વ્યાપક જનભાગીદારી અને સતત અહિંસક સંઘર્ષનું ઉદાહરણ હતું, જેના દ્વારા આ આંદોલનને સ્થાનિકથી આંતરરાષ્ટ્રીય સ્તરે સમર્થન મળ્યું. અંતે, દસ વર્ષના સંઘર્ષ પછી 2017માં આ લડતને ઐતિહાસિક સફળતા મળી અને અણુવિદ્યુત મથકનો પ્રસ્તાવ પડતો મૂકાયો. વાત અહીં પૂરી થતી નથી. લોકોએ પ્રોજેક્ટના વિરોધથી આગળ વધી વિકાસના એક વૈકલ્પિક મોડેલ તરફ આગળ વધવાનું નક્કી કર્યું. પ્રાકૃતિક ખેતીનાં જૂથો ઊભાં કરી ટકાઉ આજીવિકાની શક્યતાઓ ઊભી કરવાના પ્રયાસો થયા.

રાજકીય અને આર્થિક સત્તા એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. વિકાસનું જે મોડેલ માત્ર જીડીપીના આંકડા અને આર્થિક વૃદ્ધિની ઝડપને મહત્ત્વ આપે છે, તે ઘણી વાર તેના સામાજિક અને પર્યાવરણીય ખર્ચને અવગણે છે. ઝડપી આર્થિક વૃદ્ધિની દોડમાં એવા અનેક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન મળે છે, જે જીડીપીના આંકડા તો વધારી શકે, પરંતુ પર્યાવરણીય રીતે ટકાઉ ન હોય અને માનવજીવન સહિત પૃથ્વી પરના તમામ જીવો માટે જોખમી બની શકે. અણુવિદ્યુત મથક આવો જ એક પ્રોજેક્ટ છે, જેની સામે લોકોએ 'ના' કહેવાની હિંમત કરી અને આગળ વધીને કેવા વિકાસને 'હા' કહી શકાય તેનું ઉદાહરણ પણ પૂરું પાડ્યું. મીઠીવીરડીનો અનુભવ દર્શાવે છે કે વિકાસનો બીજો રસ્તો પણ શક્ય છે. કદાચ આ રસ્તો ધીમો હોય, પરંતુ તે પર્યાવરણની દૃષ્ટિએ ટકાઉ, સામાજિક રીતે સમાવેશી અને માનવજાત તથા પ્રકૃતિ પ્રત્યે વધુ સંવેદનશીલ છે. દિલ્હીના રામલીલા મેદાનમાં એકત્ર થયેલી હજારોની મેદની હોય કે ગુજરાતના એક નાનકડા ગામ મીઠીવીરડીમાં ભેગા થયેલા લોકો હોય, બંને આંદોલનોનું મહત્ત્વ તેમની સંખ્યામાં નથી, પરંતુ તેમના સંદેશમાં છે. લોકશાહી એટલે માત્ર કોને સત્તા સોંપવી તે નક્કી કરવું નહીં, પરંતુ સત્તા કેવી રીતે વપરાય છે તે અંગે સવાલ પૂછવાનો અધિકાર જાળવી રાખવો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કહેવાની વાત

નેહા શાહ

મતદાર યાદીમાંથી નામ કપાયું હોય કે નહીં, આ આક્ષેપો દરેક નાગરિક માટે ચિંતાનો વિષય હોવા જોઈએ, કારણ કે ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા લોકશાહીનો પાયો છે

ભારતની મૂળભૂત સાંસ્કૃતિક સમજણને જાળવવાનું કામ આપણા સૌનું છે

ભારત ખેતીપ્રધાન દેશ હતો. હતો એટલા માટે કારણ કે પહેલાં ભારતની રાષ્ટ્રીય આવકમાં ખેતીનો હિસ્સો ૫૦% થી વધુ, રોજગારીમાં ૮૦ % થી વધુ અને નિકાસો પણ ખેતીપ્રધાન વસ્તુઓની હતી પણ હવે આવકમાં માત્ર ૧૪% થી પણ હિસ્સો ઓછો થઈ ગયો છે.નિકાસો ઔદ્યોગિક થઈ ગઈ છે અને માત્ર રોજગારીમાં હિસ્સો ૫૨% થી વધુનો ટકી રહ્યો છે એટલે ઘણા અર્થશાસ્ત્રીઓ માને છે કે હવે ભારત ખેતીપ્રધાન નથી રહ્યો.

ભારતમાં ખેતી એ માત્ર વ્યવસાય નથી.એ જીવનની રીત છે પણ હવે આ સમજણ ઓછી થતી જય છે. ભારતમાં ખેતી આપણા રોજિંદા જીવન સાથે વણાયેલી હતી પણ હવે શહેરી સમજણમાંથી આ બધું નીકળી રહ્યું છે. આ સાતમ આઠમના તહેવારો જ લો ને. દેખીતી રીતે ધાર્મિક લાગતી આ પરમ્પરાના મૂળમાં ખેતી રહેલી છે. નાગપાંચમથી શરૂ કરો. પહેલાં નાગની પૂજા, પછી ગાયની પૂજા, પછી અગ્નિની પૂજા,વરસાદની પૂજા,ઘાસની પૂજા.એક વાત યાદ રાખો, તહેવારો સમાજની પરંપરામાંથી આવે છે (અને ડે ...ઉપરથી)..ખેડૂતને ખેતરમાં રોજ જીવ જંતુ સાપ વિંછી સાથે પનારો પાડવાનો. વળી ખેતી માટે અળસિયાં ઉપયોગી ..સાપ હોય તો ઉંદરડા ના આવે ..ગાય તો દૂધ અને આવકનો મોટો આધાર અને આર્યો અગ્નિપૂજક એટલે અગ્નિને દેવ માને. અત્રે એક વાત યાદ કરવું કે ભારતીય પરમ્પરામાં આપણે એવું છે કે જે બાબત માણસને જીવન જીવવામાં ઉપયોગી થાય એ બાબતને વરસમાં એક વાર થેન્ક્યુ કહેવું. આગ, પાણી, હવા એ તો જીવનના આધાર એટલે એને તો પંચતત્ત્વો ગણ્યાં અને ભગવાન પણ માન્ય પણ સાથે સાથે નદી, પર્વત, વૃક્ષ, ગાય એ બધું પણ ખેતી માટે ઉપયોગી એટલે વરસમાં એક દિવસ એને પણ થેંક્યુ કહેવાનું રાખ્યું. ભારતમાં પહેલાં વરસમાં બે વાર કે વધુમાં વધુ ત્રણ વાર પાક લઈ શકતા એટલે ખેતી થાય, પાક તૈયાર થાય ત્યારે ઉત્સવ આવે.ચોમાસું ખેતીનો પાક આવે ત્યારે નવરાત્રી આવે અને શિયાળુ ખેતીનો પાક આવે ત્યારે ધુળેટી આવે.ટૂંકમાં આથેવારો ખેતીપ્રધાન ભારતની પરમ્પરા છે અને હવે સ્માર્ટ સીટીમાં તે ઉજવાય છે ત્યારે તહેવારો નો વિચાર ગાયબ થયો અને ટ્રેડીશન આગળ ચાલી. ઉજવણી કરવાની પણ વિચાર્યા વગર ..સમજણ વગર ....હવે આપણો મૂળ પ્રશ્ન એ કે શું સત્તાવાળાની આ બાબત જવાબદારી ખરી કે નહીં. સાંસ્કૃતિક સમજણને આગળ વધારવામાં સત્તાવાળા ભાગ ભજવી શકે ?..એ કામ તે કરે ? કરવું જોઈએ ? તો જવાબ છે હા ...ભારતના બંધારણ મુજબ દેશના સાંસ્કૃતિક વારસાને આગળ વધારવાનું કામ સરકારોનું પણ છે અને હમણાં હમણાં દેશમાં સામાજિક વિસંવાદિતાના જે પ્રશ્નો ઊભા થયા છે તે હળવા કરવામાં આ સમજણ ખૂબ ભાગ ભજવે. સરકારે તહેવારોનું વેપારીકરણ અને કર્મકાંડોનો ધંધો અટકાવી સાચી સમજણથી તહેવારો ઉજવાય તે જોવું જોઈએ. આ માટે માત્ર સરકારી ઉત્સવો અને તેનું બજારુ રૂપ અમલમાં નથી મૂકવાનું પણ શિક્ષણમાં આ સમજણ સામેલ કરવાની છે.કાયદાઓમાં તે લાવવાની છે અને આ વારસાને જાળવવા મથતાં લોકોને મદદ કરવાની છે.

આપણા શિક્ષણથી માંડીને કોર્ટ કચેરી બધું જ ઉદ્યોગપ્રધાન શહેરોને ધ્યાનમાં રાખીને ચાલે છે.ખેતીને ધ્યાનમાં રાખીને આ બેંકો, સ્કુલો, સરકારી ઓફિસો નથી ચાલતી. આજે સાતમ આઠમની સ્કૂલોમાં રજા હોય છે પણ ટયુશન કલાસીસો રજામાં ચિક્કાર હોય છે.યંત્રવત્ જીવનમાં તહેવારોનો આનંદ ઉમેરતો નથી. શહેરમાં આવેલા સૌને ગામડે જવું હોય છે એની વ્યવસ્થા વિચારાતી નથી. માત્ર કૃષિમેળા કરવાથી વાત પૂરી ન થાય.ખેતીને અનુરૂપ વ્યવસ્થા ગોઠવાય તો ખેતી અને તે સાથે જોડાયેલા તહેવારો સાચી રીતે ઉજવાય અને આ વાત અમે એટલા માટે કરી રહ્યા છીએ કારણ કે અત્યારે રાજ્યમાં અને કેન્દ્રમાં સંસ્કૃતિપ્રેમી સરકાર છે (અથવા તો એવો દાવો કરતી સરકાર છે) સરકારે ગ્રામ્ય વિસ્તારો માટે અલગ અને શહેરી વિસ્તારો માટે અલગ વ્યવસ્થાઓ વિચારવી જોઈએ.ગામડામાં ખેતીના સમય મુજબ સ્કૂલો અને બેંકો અને મામલતદાર કચેરીઓ ચાલે. એમની ભાષામાં વાત કરે એવી રીતે ચાલે અને તેમના તહેવારો ઉજવવામાં સામેલ થાય તેવાં લોકોથી ચાલે તે ખૂબ જરૂરી છે પણ આ સમજણ આ લોકોને આપે કોણ?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

ભારતના બંધારણ મુજબ દેશના સાંસ્કૃતિક વારસાને આગળ વધારવાનું કામ સરકારોનું પણ છે અને હમણાં હમણાં દેશમાં સામાજિક વિસંવાદિતાના જે પ્રશ્નો ઊભા થયા છે તે હળવા કરવામાં આ સમજણ ખૂબ ભાગ ભજવે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

વેકેશનમાં બાળકોને ખીલવા દઈએ

દિવાળી એટલે આનંદ, ઉત્સાહ અને ખુશીઓનો તહેવાર. બાળકો દિવાળીના વેકેશનની આતુરતાથી રાહ જોતા હોય છે, પરંતુ આજકાલ વેકેશન શરૂ થાય તે પહેલાં જ તેમને વિવિધ પ્રોજેક્ટ, લખાણ અને હોમવર્ક આપી દેવામાં આવે છે. પરિણામે બાળકો તહેવારનો સાચો આનંદ માણી શકતાં નથી.

બાળકો આખું વર્ષ અભ્યાસ, પરીક્ષા અને શાળાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે છે. વેકેશન તેમના માટે આરામ કરવાનો, રમવાનો, પરિવાર સાથે સમય વિતાવવાનો અને મનગમતી પ્રવૃત્તિઓ કરવાનો સમય છે. દિવાળીમાં રંગોળી કરવી, દીવડાં પ્રગટાવવા, વડીલોને મળવું અને પરિવાર સાથે તહેવાર ઉજવવો એ પણ શિક્ષણનો જ એક ભાગ છે. જીવનના અનુભવોમાંથી મળતું જ્ઞાન પુસ્તકો કરતાં પણ વધુ યાદગાર બની શકે છે.

તેથી તમામ શિક્ષણવિદોને નમ્ર વિનંતી છે કે દિવાળીના વેકેશનમાં બાળકોને હોમવર્ક અને પ્રોજેક્ટના ભારથી મુક્ત રાખવામાં આવે. જો કોઈ પ્રવૃત્તિ આપવી જ હોય તો તે આનંદદાયક અને સર્જનાત્મક હોવી જોઈએ. બાળપણ વારંવાર મળતું નથી અને વેકેશનની યાદો જીવનભર સાથે રહે છે. ચાલો, આ દિવાળીએ બાળકોને હોમવર્ક નહીં, પરંતુ ખુશીઓ, સ્વતંત્રતા અને સુંદર યાદોની ભેટ આપીએ.

નવસારી -મહાદેવ રાઠોડ

મૌન કેમ છે?

ચૂંટણી પંચના કમિશનર જ્ઞાનેશકુમાર સાર્વજનિક છેતરપિંડીના આરોપી છે. ફોજદારી કેસમાં આરોપીને મૌન રહેવાનો અધિકાર છે, પરંતુ આ કેસમાં ૧૩ કરોડ ૩૦ લાખ નાગરિકોના સિવિલ રાઇટ્સ છીનવાઈ ગયાની વાત છે. સંબિત પાત્રાઓ અને અર્નબોના લવારા માનવ કલાકોનો વ્યય છે. જ્યારે દેશમાં ધારાસભાનું કામ વડાપ્રધાન કરે, ન્યાયતંત્રનું કામ મીડિયા કરે અને કારોબારી સરકારની યોજનાઓ લોકો માટે અમલમાં મૂકવાને બદલે માત્ર સરકારની જ તરફદારી કરે, ત્યારે સ્વયંઘોષિત વિશ્વગુરુએ બંધારણસભામાં દિલ્હી ખાતે બંધારણના ગ્રંથને સર્વોચ્ચ ધાર્મિક ગ્રંથ કહ્યો હતો, તેને બચાવવા માટે પોતાની આક્રમક શૈલીમાં પ્રેસ કોન્ફરન્સ કરીને મોઢું ખોલવું એ નવેમ્બર ૨૦૨૬ની દિવાળીની સૌથી સ્ફોટક જરૂરિયાત છે.

નવસારી -રાજન જોશી

સાચા અર્થમાં વિચારોનું વાવેતર એટલે વાંચન...

શરીરને તંદુરસ્ત રાખવા પૌષ્ટિક ખોરાક, શુદ્ધ હવા અને પીવાલાયક પાણી જરૂરી છે, તેવી જ રીતે મનને સ્વસ્થ રાખવા સારા વિચારો અને સદવાચન જરૂરી છે. સારું પુસ્તક હાથમાં આવે તો એક સારો મિત્ર મળી ગયો સમજો. પુસ્તક એટલે વિદ્વાનો અને ચિંતકોના અનુભવો, વાંચન અને ચિંતનમાંથી ઊભું થયેલું સંચિત જ્ઞાન. પુસ્તકો દ્વારા વૈચારિક સંપત્તિ મેળવી શકાય છે. પરંતુ આજના મોબાઇલ યુગમાં વાંચનની આદત ધીમે ધીમે ઓછી થતી જાય છે. સિંગાપોર સરકારે વાંચનને પ્રોત્સાહન આપવા નવતર યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ રોજ 15 મિનિટ વાંચન કરવાથી 20 પોઇન્ટ મળે છે. 1000 પોઇન્ટ ભેગા થતાં એક ડૉલર મળે છે. આ ઉપરાંત શોપિંગ કૂપન દ્વારા પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. રકમ ભલે નાની હોય, પરંતુ હેતુ મોટો છે. લોકોને મોબાઇલની સ્ક્રીનથી દૂર કરી પુસ્તકો તરફ વાળવા અને વિચારશીલ નાગરિકો તૈયાર કરવા આ પ્રયાસ છે.

ભારતમાં પણ આવી યોજનાઓ શરૂ થાય તો નવી પેઢીમાં વાંચનનો રસ વધે અને જ્ઞાનસમૃદ્ધ સમાજનું નિર્માણ થાય. આખરે સવાલ એ છે કે શું ભારતમાં પણ વાંચનને આવી રીતે પ્રોત્સાહન મળશે?

સુરત -યોગેન્દ્ર પટેલ

ભારતીય સમયગણના

સ્વાભાવિક છે કે આપણે 'કેટલા વાગ્યા છે?' તેનું ધ્યાન રાખતા હોઈએ છીએ. આસામી અને બંગાળી ભાષામાં 'સમય કી હોયલ્લો' જેવો શબ્દપ્રયોગ થાય છે. આ તો થઈ કલાકની વાત. ચોવીસ કલાક પછી સમયનો મોટો એકમ અઠવાડિયું અને ત્યાર બાદ મહિનો આવે છે. મહિનાની વિશેષતા એ છે કે દરેકનાં નામ અલગ છે. જેમ કે કારતક, માગશર વગેરે. મહિનાની શરૂઆત અમાસ કે પૂનમથી થાય છે. ઉત્તર ભારતમાં સામાન્ય રીતે પૂનમ પછી મહિનાની શરૂઆત થાય છે.

આપણો દેશ વિવિધતાથી ભરેલો છે. કેટલાંક રાજ્યોમાં મહિનાનાં નામ રાશિ પરથી હોય છે. જેમ કે મેષ, વૃષભ, મિથુન અને સિંહ. જોકે ઉચ્ચારણમાં ફેરફાર જોવા મળે છે. દાખલા તરીકે સિંહને બદલે 'ચિંગમ'!

પત્રમિત્રો માટે વધુ એક રસપ્રદ જાણકારી. મહિનાની જેમ વર્ષનાં પણ અલગ નામ હોય છે. વિક્રમ સંવતના કારતકથી નહીં, પરંતુ ચૈત્ર સુદ પડવા એટલે કે ગુડી પડવાથી વર્ષનાં નામ શરૂ થાય છે. બાર મહિના પછી મહિનો ફરી આવે છે, તેવી જ રીતે સાઠ વર્ષ પછી વર્ષનું નામ પણ ફરી પુનરાવર્તિત થાય છે.

તો હાલ પૂરતું આટલું જ! ગૂગલબાબા, ચેટજીપીટી અને એઆઈના યુગમાં વધુ પડતી જાણકારીનો અપચો થાય એના કરતાં વિજ્ઞાનની એક શાખા 'ટાઇમ મેઝરિંગ સિસ્ટમ'નો આ નવો વિષય ખગોળશાસ્ત્રના દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કર્યો છે, જ્યોતિષશાસ્ત્રના નહીં!

સુરત -ચેતન સુશીલ

એકતા દિવસ પર સરદાર પટેલને વંદન

આજે એકતા દિવસ છે. 31 મી ઓકટોબર - શ્રી વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ. 150 મી જન્મ જયંતી. પણ વાત જરા વિચારવા જેવી છે કે સરદાર વલ્લભભાઈ પટેલ કોંગ્રેસના વ્યક્તિ ગાંધીજી અને નહેરૂના નજીકતમ પણ દેશ માટે આ લોહપુરુષે પોતાનું આખું-જીવન સમર્પિત કરી દીધું હતું. આઝાદી પછી આપણાં રજવાડાંને એકત્ર કરી અખંડ ભારત બનાવવું હતું, તેથી અનેક રજવાડાંને સમજાવતાં સમજાવતાં નેવનાં પાણી મોભે ચડી ગયાં હતાં, પણ આ લોખંડી પુરુષે તનતોડ મહેનત કરી રજવાડાં ભેગાં કરી ભારતને એક કર્યું. તેમાં - હૈદરાબાદના નવાબ અને જુનાગઢના નવાબ તો પાકિસ્તાનમાં ભળી જવા માંગતા હતા, પણ લોહપુરુષે સખ્તાઈ અપનાવી, જુનાગઢનો નવાબ પાકિસ્તાન ચાલ્યો ગયો અને બંને રાજ્યો આપણા દેશમાં જોડાઈ ગયાં.

આ બહુ જ કઠિન કામ હતું. ૩૭૦ મી ઊઠી-ગઈ તે પહેલાં કાશ્મીરની પરિસ્થિતિ પણ કઠિન હતી, પાકિસ્તાનમાં કાશ્મીરને જોડવા માંગતા નહેરૂ અને અન્ય પાર્ટી હતી, પણ હરિસિંઘ હિન્દુ રાજાને સમજાવી કાશ્મીરની સમસ્યા ઉકેલી દીધી હતી. કુમક (સૈન્ય) લઈ જઈ, પાકિસ્તાનમાં કાશ્મીરને જતું રોકી દીધેલું. આજ પી.ઓ.કે.